જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૮/૨૦૧૭ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-</u> <u>સમાચાર યાદી નં.૧૭૨૫/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૫૧ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૨૨૬ લીટર દેશી દારૂ, ૫૫૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૨૧ ક્વૉટર ઇંગ્લીશ દારૂ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪,૬૪૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૭૨૬/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી-૯૩ મુજબ ૨૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>ઘરફોડ ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૨૭/૧૭</u>**

**સેટેલાઇટ :** મયુરભાઈ રતીલાલ કાનાબાર (ઠક્કર)(રહે,અસ્માકમ વિભાગ-૨, ફ્લેટ મકરબા ટોરેંટ પાવર હાઉસની પાછળ વેજલપુર, મકરબા) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૮/૧૭ રાતના ૯/૨૦ વાગ્યાનાં સુમારે સેટેલાઈટ સ્ટાર બાજારની સામે અભીશ્રી કોમ્પલેક્ષમાં બીજા માળે આવેલ મયુરભાઇની ઓફીસ નં.૨૦૭ નાં મુખ્ય દરવાજાનો નકૂચો તોડી, અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી, કેબીન ટેબલના ડ્રોઅરમાંથી કેમેરો, આઈપેડ, મોબાઈલ મળી કુલ કિંમત રૂપિયા ૫૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.કે.રાઠોડ ચલાવે છે.

**<u>નજર ચુકવી ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૨૮/૧૭</u>**

**દાણીલીમડા :** જડીબેન વા/ઓ ડાહ્યાભાઇ સોનારા (ઉ.વ.૬૨)(રહે,બાજીગર સોસાયટી વસ્ત્રાપુર રેલ્વે સ્ટેશન પાસે વેજલપુર) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૮/૧૭ બપોરનાં ૧૨/30 થી ૨/00 વાગ્યા દરમ્યાન જમાલપુર સપ્તઋષી સ્મશાન ગૃહની અંદર ખુલ્લી જગ્યામાં પીપળા પાસે જડીબેનના પાકીટમાંથી રૂપિયા ૩૦૦/- તથા સેમસંગ કંપનીનો મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૬૦૦/- તથા ગળામાં પહેરેલ સોનાની તુલસીની મગમાળા ક્મિંત રૂપિયા ૨૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨૨,૯૦૦/- મતાની કોઇ અજાણી સ્ત્રીએ ભીડનો લાભ લઇ, જડીબેનની નજર ચુકવી ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એન.પટેલ ચલાવે છે.

**<u>સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૨૯/૧૭</u>**

**રામોલ :** પ્રકાશભાઇ જેઠાભાઇ પટેલ (ઉ.વ.૩૦)(રહે,ઓમકાર હાઇટસ રાજધાની ટેનામેન્ટની પાછળ અર્પણ સ્કુલ વસ્ત્રાલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૮/૧૭ ના કલાક ૬/૩૦ વાગ્યાનાં સુમારે કિષ્નાપાર્ક ની પાછળ અર્પણ સ્કુલરોડ ઉપરથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ પ્રકાશભાઇનાં ગળામાંથી સોનાની ચેઈન ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.બાલીયા ચલાવે છે.

**નિકોલ :** વૈશાલીબેન W/O પંકિતભાઇ પટેલ (ઉ.વ.૨૬)(રહે, પ્રથમ રેસીડેન્સી, દિપક સ્કુલની બાજુમાં, નિકોલ) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૮/૧૭ સવારના ૬/૦૦ વાગ્યાનાં સુમારે નિકોલ, દિપક સ્કુલના ગેટ પાસે રોડ ઉપરથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૬ થી ૨૭ વર્ષના આશરાનાં) વૈશાલીબેનનાં ગળામાંથી સોનાની ચેઈન કિંમત રૂપીયા ૪૫,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.સી.છત્રાલીયા ચલાવે છે.

<u>કરંટ લાગતાં મૃત્યુ:-</u> <u>સમાચાર યાદી નં.૧૭૩૦/૧૭</u>

**શહેરકોટડા :** ફાતેમા અલ્તાફભાઇ ઘાંચી (ઉ.વ.૨૬)(રહે,વસો ભુવન મીટરગેજ રોડ સરસપુર) તા.૨૬/૦૮/૧૭ ના કલાક ૯/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે પાણીની મોટર ચાલુ કરવા જતા કરંટ લાગતા તેમને શારદાબેન હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દીલીપકુમાર વસંતલાલ ચલાવે છે.

<u>આત્મહત્યા :-</u> <u>સમાચાર યાદી નં.૧૭૩૧/૧૭</u>

**નવરંગપુરા :** પ્રતિક પુનમભાઇ પટેલ (ઉ.વ.૨૮)(રહે,સંપતિ એપાર્ટમેન્ટ માવલંકર બંગલોની સામે મંગલ વિધ્યાલય બાજુમા, મીઠાખળી નવરંગપુરા) કોઇ અગમ્ય કારણસર તા.૨૬/૦૮/૨૦૧૭ બપોરના ૧/૫૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે રસોડાની છતના હુકમા રૂમાલ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે નવરંગપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેશકુમાર અભેસંગ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.